# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-09-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PRESIDENT- NATIONAL FILM AWARDS

ભારતીય સિનેમામાં એક નવા અધ્યાયની શરૂઆત કરતા, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે એકતા નગર ખાતે ઐતિહાસિક 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરશે. વર્ષ 1954માં શરૂ કરાયેલા, આ પુરસ્કારો ભારતના સર્વોચ્ચ સિનેમેટિક સન્માનનું પ્રતિનિધિત્વ કરે છે, જે ફીચર, નોન-ફીચર અને સિનેમા પર લેખન જેવી વિવિધ શ્રેણીઓમાં કલાત્મક અને તકનીકી શ્રેષ્ઠતાને સન્માનિત કરે છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા એક મુખ્ય નીતિગત પહેલના ભાગ રૂપે, આ પુરસ્કારો રાષ્ટ્રીય રાજધાનીની બહાર યોજાઈ રહ્યા છે. રાષ્ટ્રપતિ પીઢ અભિનેતા અનંત નાગને 2024 માટે દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી પણ સન્માનિત કરશે. સાંભળીએ એક અહેવાલ:

(VOICE CAST : APARNA KHUNT)

# GUJ ASHWINI VAISHNAW

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ દેશના ટોચના પ્રવાસન સ્થળ પર યોજાશે. અમદાવાદ વિમાનમથક પર પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી વૈષ્ણવે કહ્યું, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રખ્યાત ફિલ્મ કલાકારોની ઉપસ્થિતિમાં એકતાનગરમાં વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે આજે યોજાનારો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ વૈશ્વિક પ્રવાસન જાગૃતિને પ્રોત્સાહન આપે છે.

(BYTE: ASHWINI VAISHNAW, INFORMATION & BROADCASTING MINISTER)

# TAPI HOSPITAL CM INAUGURATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાપીમાં 350થી વધુ પથારી ધરાવતી સરકારી હૉસ્પિટલનું લોકાર્પણ કર્યું. શ્રી પટેલના હસ્તે 800 પથારી ધરાવતી સુપર-સ્પેશિયાલિટી હૉસ્પિટલનું ભૂમિપૂજન કરાયું. આ સાથે જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ભવ્ય આરોગ્ય સુવિધાના નિર્માણની શરૂઆત થઈ છે. આ અંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે વધુ માહિતી આપી.

(BYTE: NARESH PATEL, TRIBAL DEVELOPMENT MINISTER)

# NARI ADALAT

રાજ્યમાં હવે ગ્રામ્ય કક્ષાએ પણ નારી અદાલત શરૂ થશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે પ્રાયોગિક ધોરણે 10 આદિજાતિ પંચાયતોની પસંદગી કરવામાં આવી છે. જેમાં નર્મદા જિલ્લાની ગરુડેશ્વર અને ચીકદા પંચાયતો, દાહોદની સિંગવડ, લીમડી અને કાળીયા પંચાયતો, મહિસાગરની કોઠંબા પંચાયત, છોટા ઉદેપુરની કદવાલ પંચાયત, વાવ-થરાદની રાધાનેસડા પંચાયત, અરવલ્લીની શામળપુર પંચાયત તથા બનાસકાંઠા જિલ્લાની જલોદા પંચાયતનો સમાવેશ થાય છે.

પસંદ કરાયેલી 10 પંચાયત વિસ્તારોની નારી અદાલતનું નેતૃત્વ મહિલા સરપંચ કરશે. આ અદાલત ગામની મહિલાઓની સમસ્યા ગ્રામ્ય સ્તરે જ સાંભળવાનો અને ઉકેલવાનો પ્રયાસ કરશે. હાલમાં જિલ્લા-તાલુકા કક્ષાએ કાર્યરત 270થી વધુ નારી અદાલતોમાં 99 ટકા કેસોના નિકાલમાં સફળતા મળી છે.

# SWACHCHHATA HI SEVA GOVT OFFICE

સ્વચ્છતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાના હેતુસર રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા 2026 અભિયાનનો પ્રારંભ કરાયો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે યોજાયેલા આ અભિયાન અંતર્ગત કચેરીઓમાં પડતર જૂની ફાઈલોનો નિકાલ, રેકર્ડનું વર્ગીકરણ, બિનઉપયોગી વસ્તુઓ દૂર કરવા સહિત સ્વચ્છતા અને સાફ-સફાઈ પર ભાર મૂકાયો.

અભિયાન દરમિયાન કચેરીઓના કામનું 100 ગુણના આધારે મૂલ્યાંકન તેમજ શ્રેષ્ઠ સ્વચ્છ કચેરીઓને સન્માનિત કરાશે. આગામી 25 ડિસેમ્બરે સુશાસન દિવસ નિમિત્તે કચેરીઓને પ્રમાણપત્ર એનાયત કરાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.